# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.૩૮/૨૦૧૭-૧૮) ની જગ્યાઓ પર ભરતી માટે અરજી કરનાર ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ આસીસ્ટન્ટ ઇન્ટેલીજન્સ ઓફીસર ગ્રેડ-૨ ની જગા માટે પણ અરજી કરેલ હોય અને આ બંન્ને જગાઓ માટેની લેખિત કસોટી તા.૧૫-૧૦-૨૦૧૭ ના રોજ લેવામાં આવનાર હોઇ આવા ઉમેદવારો બંન્ને પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે તે માટે આયોગે જા.ક્ર.૩૮/૨૦૧૭-૧૮ માટેની કસોટીના સમયમાં ફેરફાર કરેલ છે અને તે અંગેની જાણ વર્તમાનપત્રો તેમજ આયોગની વેબસાઇટના માધ્યમથી કરેલ છે. ઉક્ત અગત્યની જાહેરાતના અનુસંધાને જે ઉમેદવારોએ આયોગની તા.૨૮/૦૯/૨૦૧૭ ની અગત્યની જાહેરાતમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તેઓનું પરીક્ષા કેન્દ્ર બદલી આપવા માટે અરજી કરેલ છે તેવા ઉમેદવારોને અમદાવાદ ખાતે પરીક્ષા કેન્દ્ર ફાળવવાનો આયોગે નિર્ણય કરેલ છે. આ બાબતે નીચેની સુચનાઓ ધ્યાને લેવા અને તેનું ચુસ્તપણે અમલ કરવા સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે.

(૧) આપે નવો પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો રહેશે નહીં.

(૨) ઉપરોક્ત દર્શાવવામાં આવેલ TEMPORARY NUMBER માત્ર આપની બેઠક વ્યવસ્થાના ભાગરૂપે જ છે.

(૩) પરીક્ષા ખંડમાં પાસપોર્ટ સાઇઝના ૨ (બે ) ફોટા તેમજ આઇ-ડી પ્રૂફ સાથે ઉપસ્થિત થવાનું રહેશે.

(૪) આપને ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર અંગે આપને SMS, E-MAIL તથા SPEED POST મારફતે હવે પછી જાણ કરવામાં આવશે.

(૫) OMR ANSWER SHEET માં આપે ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ ROLL NUMBER (બેઠક નંબર) અને આપને આપવામાં આવે તે પ્રશ્નપત્રનો નંબર ENCODE કરવાનો રહેશે.

(૬) પરીક્ષા કેન્દ્રના ફેરફાર સિવાયની અન્ય સૂચનાઓ અને જોગવાઇઓ આપે ડાઉનલોડ કરેલ પ્રવેશપત્ર અનુસાર યથાવત રહેશે.

તા.૦૧/૧૦/૨૦૧૭